પીએસ-AISHE-૨૦૧૫/૧૫

**પંકજ જોષી** આઇ.એ.એસ.
અગ્ર સચિવ

સત્યમેવ જયતે

**અગ્ર સચિવ (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ)**
**શિક્ષણ વિભાગ,**
**ગુજરાત સરકાર.**
બ્લોક નં. ૫, ૮મો માળ,
સરદાર ભવન, નવા સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
તા. : ૨૮ DEC 2015

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી,
તમામ યુનિવર્સીટીઓ,
ગુજરાત રાજ્ય

વિષય: ઓલ ઇન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) અંતર્ગત ઓનલાઈન માહિતી મોકલવા બાબત.

શ્રીમાન,

માનવ સંસાધન વિકાસ મંત્રાલય-નવી દિલ્હી દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ થી ઉચ્ચ શિક્ષણ અંગે દેશની તમામ સંસ્થાઓ પાસેથી ઓનલાઈન માહિતી મેળવવામાં આવી રહી છે. વર્ષ ૨૦૧૫-૧૬ ની કામગીરી તા. ૨૧/૧૨/૨૦૧૫ થી શરૂ થઈ ગઈ છે. ગુજરાત સ્ટેટ યુનિટ દ્વારા તા. ૩૧/૦૧/૨૦૧૬ સુધીમાં કામગીરી પૂર્ણ કરવાનું નક્કી કરેલ છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ થવી અત્યંત જરૂરી છે.

આપની યુનિવર્સીટી સાથે સંલગ્ન કોલેજોને વર્ષ ૨૦૧૫-૧૬ ની માહિતી ૩૧/૦૧/૨૦૧૬ સુધીમાં ઓનલાઈન અપલોડ કરવા સૂચના આપશો. ઉપરાંત કોલેજોને નીચેની બાબતો પણ ધ્યાને લેવા જણાવશો.

૧. ગ્રાન્ટ ઇન્ એઇડ કોલેજોએ ઈ-મેલ પર મળેલ એકનોલેજમેન્ટ લેટરની નકલ ફેબ્રુઆરી ૨૦૧૬ નાં પગારબીલ સાથે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ખાતે મોકલી આપવાની રહેશે જેથી પગાર સમયસર થઇ શકે.

૨. સરકારી તથા સેલ્ફ ફાયનાન્સ કોલેજોએ આ એકનોલેજમેન્ટ લેટરની નકલ શ્રી આર. કે. શાહ, ઓલ ઇન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE), કે.સી.જી., પી.આર.એલ.ની સામે, નવરંગપુરા, અમદાવાદ ખાતે મોકલી આપવાની રહેશે. (કસુર થતા સ્વ નિર્ભર કોલેજોની જોડાણ પર પુનઃવિચાર કરવાની ફરજ પડી શકે છે.)

3. યુ.જી.સી. એક્ટ એમેન્ડમેંટ 22 જૂન-2015 ના નોટીફીકેશન "યુનિવર્સીટી ગ્રાન્ટ કમિશન (ફર્નિશીંગ ઈન્ફર્મેશન બાય યુનિવર્સીટી) રૂલ્સ -2015 મુજબ દરેક યુનિવર્સીટી,કોલેજ,શૈક્ષણિક સંસ્થાએ ઉક્ત માહિતી અપલોડ કરવી ફરજીયાત છે.અન્યથા કલમ 14 મુજબ પગલાં લઈ શકાય છે.

આપનો વિશ્વાસુ,

(પંકજ જોશી)

ફોન : ૦૭૯-૨૩૨૫૧૩૦૬, ૫૧૩૦૮ / ફેક્સ : ૦૭૯-૨૩૨-૫૪૬૯૭ / ઈ-મેઇલ : secedu-he@gujarat.gov.in